PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/કવા–૦૨/૧૭–૧૮/ ૬૨૧૮ તા. ૧૧/૦૮/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

પ્રફુલભાઈ છગનભાઈ ગજેરા,
ગામ: શીવરાજગઢ,
તા. ગોંડલ
પીનકોડ–૩૬૦૩૧૧
મો: ૯૮૨૫૫ ૩૯૦૭૯

વિષય :–નડતરરૂપ વીજવાયર બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૦૭–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૦/કવા–૦૨/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–.૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04/[?]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૨૦/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: પ્રફુલભાઈ છગનભાઈ ગજેરા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે મેહુલભાઈ ચંદુભાઈ હીરપરા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

ફરીયાદ : નડતરરૂપ વીજવાયર બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના પડોશી શ્રી રણછોડભાઈ પોપટભાઈ ગજેરાના મંજુર કરાયેલ નવા જોડાણ ની વીજલાઈન નો થાંભલો, જે અન્ય જગ્યાએ, કોઈને નડતરરૂપ ન હોય, તે મુજબ ની જગ્યાએ, ઉભો કરવાની બાબત નિયમાધીન હોય, અને આ મુજબ ની તાંત્રીક શક્યતાઓ પણ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, તે મુજબ ની કાર્યવાહી ન કરતા, તેમના ખેતર મા, એટલેકે ખેતર ની અંદર ૪૦ ફુટ, અંદર ની જગ્યા પર ઉભો કરી અને વીજતાર લગાડવામા આવેલ છે. જેથી, તેઓને વીજઅકસ્માત ની અને ઉભા પાક ને નુકશાની ની પુરી શક્યતાઓ ઉત્પન્ન થયેલ છે. જેથી, સદર થાંભલો તેમજ વીજતાર ખસેડવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી પ્રફુલભાઈ છગનભાઈ ગજેરા ની, તેમના પડોશી શ્રી રણછોડભાઈ પોપટભાઈ ગજેરાના મંજુર કરાયેલ નવા જોડાણ ની વીજલાઈન નો થાંભલો, તેમજ વીજતાર – જે, તેમની જમીન ને નડતરરૂપ હોય – જે, તેઓના ઉભા પાક ને નુકશાનરૂપ હોય – અન્ય જગ્યા પર ખસેડવાની, અરજદાર શ્રી ની સવાલવાળી અરજી પરત્વે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી તેમજ, નવા જોડાણકાર શ્રી, તથા અન્ય નિષ્પક્ષ નાગરીક ને સાથે રાખીને, સ્થળ ચકાસણી નુ આયોજન કરવામા આવેલ હતુ. ખાસ કરીને ફરીયાદી અરજદાર શ્રી ને આ ચકાસણી સમયે હાજર રહેવાની ભારપૂર્વક ની જાણકારી આપેલ હોવા છતા, ફરીયાદી અરજદાર શ્રી, સદર સ્થળ ચકાસણી સમયે હાજર રહેલ ન હતા. જેથી, પીજીવીસીએલ તરફથી, તા.૦૪–૦૮–૧૭ ના રોજ, (૧) નવા જોડાણકાર શ્રી કાળુભાઈ રણછોડભાઈ ગજેરા, (૨) અન્ય નિષ્પક્ષ નાગરીક શ્રી જગદીશભાઈ બાબુભાઈ ગજેરા તેમજ (૩) સબંધક કચેરી ના નાયબ ઈજનેર તથા (૪) સબંધક કચેરી ના જુનીયર ઈજનેર શ્રી, વગેરેઓએ, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને, ફરીયાદ વાળા સ્થળ ની ચકાસણી / વિધીસર નુ રોજકામ, જે તા.૦૪–૦૮–૧૭ ના રોજ કરવામા આવેલ હતુ. |
| ૨.૨ | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ના તા.૦૪–૦૮–૧૭ ના રોજ ના રોજકામ મુજબ – ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના તેમના પડોશી શ્રી કાળુભાઈ રણછોડભાઈ ગજેરા, કે જેમનુ નવુ ખેતીવાડી વીજજોડાણ મંજુર કરાયેલ છે – અને આ મંજુર કરાયેલ નવા જોડાણ ની વીજલાઈન – જે ફરીયાદી અરજદાર શ્રી પ્રફુલભાઈ છગનભાઈ ગજેરા ની જમીન / વાડી વાળા સ્થળ પર આવેલ હૈયાત ટ્રાન્સફોર્મર માથી – ટેપીંગ કરી, અને ફરીયાદી અરજદાર શ્રી પ્રફુલભાઈ છગનભાઈ ગજેરા ના બીલકુલ નજીક ના શેઢા પડોશી એવા શ્રી કાળુભાઈ રણછોડભાઈ ગજેરા ને, જોડાણ આપવાની તાંત્રીક મંજુરી મળેલ છે, તે શ્રી કાળુભાઈ રણછોડભાઈ ગજેરા નુ સીચાઈ નુ સ્થળ, એટલેકે કુવો / બોર અને, હૈયાત ટ્રાન્સફોર્મર વચ્ચે ૧૦ મીટર નુ અંતર છે. જેથી, હૈયાત ટ્રાન્સફોર્મર થી ટેપીંગ કરી અને ૧૦ મીટર દુર એવો વીજ થાંભલો, જે ફરીયાદી અરજદાર શ્રી ના પડોશી એવા શ્રી કાળુભાઈ રણછોડભાઈ ગજેરા ની જમીન પર જ, એટલેકે |

| | |
|---|---|
| | તેમના સીચાઈ ના સ્થળ નજીક જ ઉભો કરાયેલ છે. પરંતુ, આ થાંભલો ફરીયાદી અરજદાર શ્રી પ્રફુલભાઈ છગનભાઈ ગજેરા ની જમીન પર ઉભો કરાયેલ નથી. તદ ઉપરાંત, સદર ૧૦ મીટર ના ગાળા નુ, ખુલ્લા વીજતાર નુ વાયરીંગ પણ થયેલ નથી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને સદર વીજ થાંભલો બીલકુલ નડતરરૂપ નથી. તેમજ, વીજતાર નુ વાયરીંગ પણ થયેલ ન હોય, તે મુજબ વીજતાર પણ નડતરરૂપ નથી. આમ, આ બાબત, તા.૦૪–૦૮–૧૭ ના સ્થળ ચકાસણી રોજકામ મુજબ સ્પષ્ટ થયેલ છે. આમ, હાલ ના તબ્બકે, વીજ થાંભલો તેમજ વીજતાર, જે ફરીયાદી અરજદાર શ્રી ની જમીન ને નડતરરૂપ હોવાની, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ મા કોઈ તથ્ય જણાયેલ નથી. તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી ની જમીન પર હાલ, ઉભા પાક હૈયાત હોય, તે પાક ને નુકશાન ન થાય, તે મુજબ ની ખાસ તકેદારી રાખીને, તે મુજબ નુ – માત્ર વીજતાર લગાડવાનુ આયોજન – પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા જ સંપન્ન કરી, અને ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ, ફરીયાદી અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. તે મુજબ નુ મંતવ્ય અત્રે થી રજુ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ તા.૦૪–૦૮–૧૭ ના રોજ કરાયેલ સ્થળ ચકાસણી / રોજકામ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી પ્રફુલભાઈ છગનભાઈ ગજેરા ના પડોશી ને નવુ જોડાણ આપવા માટે નો વીજ થાંભલો જે ઉભો થયેલ છે, તે વીજ થાંભલો ફરીયાદી અરજદાર શ્રી ની માલીકી ની જમીન પર નથી. પરંતુ, તેમના પડોશી શ્રી ની જમીન પર છે. આમ, સદર થાંભલો ફરીયાદી અરજદાર શ્રી ને નડતરરૂપ નથી. તદ ઉપરાંત, હાલ ના તબ્બકે, સદર થાંભલા પર વીજતાર પણ લગાડવામા આવેલ નથી. જેથી, વીજતાર નડતરરૂપ હોવા બાબત ની, ફરીયાદી અરજદાર શ્રી ની હાલ ના તબ્બકે ની ફરીયાદ મા કોઈ તથ્ય નથી. તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી ની જમીન પર હાલ, ઉભા પાક હૈયાત હોય, તે પાક ને નુકશાન ન થાય, તે મુજબ ની ખાસ તકેદારી રાખીને, તે મુજબ નુ – માત્ર વીજતાર લગાડવાનુ, ભવિષ્ય મા આયોજન, જે પીજીવીસીએલ તરફથી થનાર છે. જેથી, સદર પ્રકારે વીજતાર લગાડવાનુ આયોજન, જે ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા જ સંપન્ન કરી, અને ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ, ફરીયાદી અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી પ્રફુલભાઈ છગનભાઈ ગજેરા ને જાણકારી આપવા સાથે નો – ફરીયાદી અરજદાર શ્રી ની, સદર ફરીયાદ નુ – જે સદર વીજલાઈન ના વીજતાર લગાડવાનુ, ભવિષ્ય મા આયોજન, જે – ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા જ સંપન્ન કરી, અને ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ, ફરીયાદી અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ કરવા માટે નો – તેમજ તે મુજબ નો અહેવાલ ફોરમ સમક્ષ રજુ કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સાથે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.